# Surat Municipal Corporation

## e-Magazine

Issue 60
July 14, 2006




### સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોનના ભેસ્તાન ગામ ખાતે તા. ૭–૭–૨૦૦૬ના રોજ શ્યામજી કૃષ્ણ વર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોનના ભેસ્તાન ગામ ખાતે શ્યામજી કૃષ્ણવર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૦૭–૦૭–૨૦૦૬ના રોજ શુક્રવારે સવારે રાખવામાં આવેલ. જેનો સમારોહ સવારે ૧૦–૦૦ કલાકે કોમ્યુનીટી હોલ, ભેસ્તાન ન. પ્રા. શાળા નં.૨૧૩–૨૧૪ પાસે, ભેસ્તાન ગામ,સુરત ખાતે રાખવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા ધ્વારા અલૂણા વ્રત નિમિત્તેમહેંદી સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણા વ્રત નિમિત્તે તા. ૮–૭–૨૦૦૬ના રોજ કોમ્યુનિટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મહેંદી સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૦ થી ૧૫ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૦ થી ૨૫ વર્ષ અને ૨૫ વર્ષથી વધુના અલગ અલગ વય જૂથોમાં અને સાદી મહેંદી તથા અરેબીક મહેંદીના ગ્રુપોમાં કુલ ૮ વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>



### સુરત મહાનગરપાલિકા ધ્વારા અલૂણા વ્રત નિમિત્તે ગોરમા ગીત સ્પધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણા વ્રત નિમિત્તે તા. ૧૧–૭–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે ગોરમા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની બાળાઓએ ભાગ લીધો હતો. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળા તથા ખાનગી પ્રાથમિક શાળા મળી કુલ ૭૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોનના ભેસ્તાન ગામ ખાતે તા. ૭–૭–૨૦૦૬ના રોજ શ્યામજી કૃષ્ણ વર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોનના ભેસ્તાન ગામ ખાતે શ્યામજી કૃષ્ણવર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૦૭–૦૭–૨૦૦૬ના રોજ શુક્રવારે સવારે રાખવામાં આવેલ. જેનો સમારોહ સવારે ૧૦–૦૦ કલાકે કોમ્યુનીટી હોલ, ભેસ્તાન ન. પ્રા. શાળા નં.૨૧૩–૨૧૪ પાસે, ભેસ્તાન ગામ, સુરત ખાતે રાખવામાં આવેલ.



આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ શ્યામજી કૃષ્ણ વર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ પ્રસંગે જણાવ્યું કે લોકોની સુખાકારી માટે પર્યાવરણ અને તંદુરસ્તી સાચવવાની ખુબ જરૂરીયાત રહે છે. જેમાં બાગ–બગીચા ઘણો અગત્યનો ભાગ ભજવે છે. શુધ્ધ હવા, શુધ્ધ પાણી, શુધ્ધ ખોરાક ઉપર ભાર મુકી તેમને સુંદર સુરત, સ્વચ્છ સુરત, તેમજ સ્વસ્થ સુરત અંગે પર્યાવરણની જાળવણી માટે ગાર્ડન ખુબ જ જરૂરી છે. આ બાબતે જનતા તેમજ શાસકો પુરતી કાળજી લેશે નહી તો ભવિષ્યમાં ઓકસીજનના બાટલા લઈ ફરવું પડશે. '' છોડમાં રણછોડ છે, વનસ્પતિ–વૃક્ષો દેવ છે '' કુદરતના ખોળામાં ખેલવા માટે બાગ–બગીચા ખુબ જ જરૂરી છે. વિશ્વના દેશો ઓર્ગેનિક તરફ વળ્યા છે ટેન્શનમાંથી મુકિત જરૂરી છે. ૮૦ ટકા રોગ મનના રોગ છે. મનની તંદુરસ્તી માટે આવા ઔધોગિક વિસ્તારમાં શારિરીક શ્રમ કરતા માણસો માટે માનસિક શાંતિ મેળવવા બાગ–બગીચા અગત્યનો ભાગ ભજવે છે. વૈદના ગામમાં ગાર્ડન બન્યું એની પ્રશંસા કરતા માન. મેયરશ્રીએ આ બાગની જાળવણી માટે જનતાએ પણ સજાગ રહેવાની જરૂર ઉપર ભાર મુકયો. લોકભાગીદારી તેમજ સિવિક સેન્સનું ડેવલોપમેન્ટ થવું જોઈએ. પ્રજા સિવિક સેન્સ શીખી લાવે તો જ સુરત સિંગાપોર બની શકે તેમ છે. લોકોને તેમજ વિશ્વને આ સુરત શહેર મોડેલ શહેર તરીકે બતાવી શકીએ.

શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ સુરત મહાનગરપાલિકા દ્વારા ભેસ્તાન ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા લેક ગાર્ડનની લોકાર્પણવિધિ પ્રસંગે તેમના પ્રાંસગિક પ્રવચનમાં જણાવ્યું કે, પોશ વિસ્તારમાં સવલતો આપવામાં આવે છે પરંતુ શહેરના છેવાડાના વિસ્તારોમાં સવલતો આપવામાં આવતી નથી એ બાબતને નકારતા તેમને જણાવ્યું કે, સમગ્ર શહેરનો સમતોલ વિકાસ કરવામાં આવી રહયો છે. તેમજ દરેક વિસ્તારોને તેનો લાભ મળે છે. ભેસ્તાન ગામ તળના સામાન્ય વર્ગ માટે મનોરંજન પ્રાપ્ત થાય, શાંતિમય રીતે વિચાર વિનિયમ કરી શકે તેમજ મોર્નિંગ વોક તરીકે આ ગાર્ડનનો યથોચિત ઉપયોગ થાય તે માટે આ બાગની લોકાર્પણવિધિ કરવામાં આવેલ છે. આ બાગની જાળવણી આ વિસ્તારના નગરજનોએ પણ કરવાની રહે છે.



મ્યુ. કમિશનર શ્રી પંકજ જોષીએ સમારંભ ખાતે ઉપસ્થિત રહેલ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું કે લોકાર્પણ કરવામાં આવેલ આ ઉદ્યાનનો કુલ વિસ્તાર ૧૪,૧૪૨ ચો. મીટર છે. જેની પાછળ સુરત મહાનગરપાલિકાએ અંદાજીત રૂ.૨૫/– લાખનો ખર્ચ કરેલ છે. આ બાગમાં રમત ગમતના સાધનો, લોન પ્લાન્ટેશન, વોક–વે, બાગબાની જેવી વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે. વિરાટ ઔદ્યોગિક શહેર તરીકે વિકસી રહેલ સુરતમાં વધુમાં વધુ ઉદ્યાનો તૈયાર કરી પર્યાવરણના શુધ્ધિકરણ તરફ મહાનગરપાલિકા આગેકુચ કરી રહેલ છે. પર્યાવરણની જાળવણી તથા જાહેર જનતાના આનંદ પ્રમોદ તથા હરવા ફરવાના હેતુસર શહેરના દરેક ઝોનોમાં જુદા જુદા ૬૮ જેટલા નાનામોટા ઉદ્યાનો બનાવવામાં આવેલ છે. તેમજ શહેરીજનોના મનોરંજન માટે શહેરોમાં આવેલ જુદા–જુદા ૨૭ જેટલા ઉદ્યાનોમાં વોટર ફાઉન્ટેઈન અને વોટર ફોલ તૈયાર કરવામાં આવેલ છે જે પૈકી વરાછા ખાતેના મહારાણા પ્રતાપ ઉદ્યાન અને ચોપાટી ખાતેના જવાહરલાલ નહેરૂ ઉદ્યાન ખાતે મ્યુઝીકલ ડાન્સીંગ ફૂવારા પણ બનાવવામાં આવેલ છે. હાલમાં જુદા–જુદા ઝોનમાં ગાર્ડનને લગતા સિવિલ કામો, કમ્પાઉન્ડ વોલ, ગાર્ડન ડેવલપમેન્ટ જેવા નાનામોટા ૧૯ જેટલા કામો પ્રગતિ હેઠળ છે.

આગામી વર્ષમાં મહાનગરપાલિકા ધ્વારા એકવેરીયમ, પીકનીક સ્પોટ, એમ્યુઝમેન્ટ પાર્ક, બોટનીકલ ગાર્ડન, ફલોરલ પાર્ક, ગાર્ડન કમ એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાનું આયોજન છે. ઉપરાંત ડો. શ્યામાપ્રસાદ ઝુ લોજીકલ પાર્ક, સરથાણા ઝુ ખાતે અંદાજીત ૫૦ લાખના ખર્ચે ડાયનાસોર પાર્ક, બટરફલાય પાર્ક, બર્ડસ સેન્કસુરી તળાવ, રેપ્ટાઈલ હાઉસ (સરિસૃપ પ્રાણીઓ) તેમજ વિયર–કમ–કોઝવે ખાતે વોટર સ્પોટર્સનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત સીંગણપોર, ડભોલી અને કતારગામ તળાવનો વિકાસ તેમજ ગોપીતળાવ ખાતે સરોવર અને એમ્યુઝમેન્ટ પાર્ક કરવાનું પણ આયોજન છે. જે શહેરના એકંદર વાતાવરણને હરીયાળું બનાવી પર્યાવરણ શુધ્ધિની પ્રાપ્તિમાં મહત્વનું પ્રદાન કરશે.

આ તબકકે આ વિસ્તારના નગરજનો ઉદ્યાનની સુવિધાનો વધુ લાભ મેળવી મનોરંજન અને આનંદપ્રમોદ માટે મહત્તમલાભ લેશે એવી આશા વ્યકત કરી હતી.

ગુહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી વીણાબેન જોષીએ મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ કમિશનરશ્રી પંકજ જોષી, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલૂણા વ્રત નિમિત્તેમહેંદી સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણા વ્રત નિમિત્તે તા. ૮–૭–૨૦૦૬ના રોજ કોમ્યુનિટી હોલ, રૂસ્તમપુરા, સુરત ખાતે મહેંદી સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૦ થી ૧૫ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૦ થી ૨૫ વર્ષ અને ૨૫ વર્ષથી વધુના અલગ અલગ વય જૂથોમાં અને સાદી મહેંદી તથા અરેબીક મહેંદીના ગ્રુપોમાં કુલ ૮ વિભાગમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુલ ૯૭૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા થયેલા સ્પર્ધકોને માન. મેયર ડો. કનુભાઈ માવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, રૂગ્ણાલય સમિતિના ચેરમેન શ્રીમતિ વર્ષાબેન રાણા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓ ધ્વારા ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦/–, ધ્વિતિય વિજેતાને રૂા. ૨૫૦/–, તૃતિય વિજેતાને રૂા. ૨૫૦/– તથા આશ્વાસન ઈનામના રૂા. ૧૫૦/– તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. સ્પર્ધાના દરેક વિભાગમાં પ્રથમ, ધ્વિતિય અને તૃતિય વિજેતા તથા ૨૪ જેટલા આશ્વાસન ઈનામો સહિત કુલ ૪૯ વિજેતાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. સ્પર્ધામાં મોટી સંખ્યામાં સ્પર્ધકો, સહાયકો હાજર રહયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ સરોજબેન ઓઝા, શ્રી દક્ષાબેન ગાંધી, મિતાબેન એ. જરીવાળા, શ્રી કેતકીબેન પરોણીગર તેમજ શ્રી હરિનભાઈ દલાલે સેવા આપી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અલૂણા વ્રત નિમિત્તે ગોરમા ગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા અલુણા વ્રત નિમિત્તે તા. ૧૧–૭–૨૦૦૬ના રોજ રૂસ્તમપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે ગોરમા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની બાળાઓએ ભાગ લીધો હતો. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળા તથા ખાનગી પ્રાથમિક શાળા મળી કુલ ૭૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વીણાબેન જોષી, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અને કોર્પોરેટરશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, શિક્ષકો તેમજ સ્પર્ધકો, સહાયકો, વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા. પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦/– ધ્વિતિય વિજેતાને રૂા. ૩૦૦/– તૃતિય વિજેતાને રૂા. ૨૫૦/– તથા આશ્વાસન ઈનામના રૂા. ૧૫૦/–નું રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, ઉદ્યાન સમિતિના ચેરમેનશ્રી, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓ ધ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. આમ, સ્પર્ધામાં પ્રથમ, ધ્વિતિય અને તૃતિય વિજેતા તથા ૬ જેટલા આશ્વાસન ઈનામો સહિત કુલ ૯ શાળાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ નંદિનીબેન શાહ, શ્રીમતિ નયનાબેન કે. પટેલ તથા શ્રી જનકભાઈ શાહે સેવા આપી હતી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.



| | |
|---|---|
| પ્રથમ વિજેતા :– | પી.બી.દેસાઈ પ્રાથમિક સ્કૂલ, રાંદેર રોડ |
| ધ્વિતિય વિજેતા :– | વી.એમ.ગોધાણી કન્યા વિદ્યાલય, કતારગામ |
| તૃતિય વિજેતા :– | શ્રી દિલીપ અને પરેશ અશોકચંદ્ર શાહ વિદ્યાલય, કિશોર વિહાર, ઉમરાજકાતનાકા |
| પ્રોત્સાહન ઈનામ :– | (૧) શ્રી કે.એસ.જોષી ઈ.મી.પ્રા.ગર્લ્સ સ્કૂલ શાહપોર<br>(૨) વિકલાંગ બાળકોની પ્રા. શાળા, ખટોદરા<br>(૩) ન.પ્રા.શિ.સ.નં. ૮૧, લાલદરવાજા<br>(૪) પી.પી.સવાણી વિદ્યાલય, ધરતીનગર, વરાછારોડ<br>(૫) સાધના વિદ્યાભવન, હીરાબાગ<br>(૬) ન.પ્રા.શિ.સ.નં. ૨૨, રૂસ્તમપુરા |

TOP